ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૪ ટકા

# હેપ્પી સ્ટ્રીટમાં રવિવારની સવારે 'હેપ્પીનેસ' વરસી

## ઝુમ્બા ડાન્સ, એરોબિક્સ અને ગરબાના તાલે યુવાનો ઝુમ્યા : રંગબેરંગી પેઈન્ટિંગ્સથી રોડ ઢંકાયો : બાઈક રેલીએ રોમાંચ જગાવ્યો : સેલ્ફિ ઝોનમાં ફોટા પડાવવા પડાપડી : બાળકોથી માંડીને મોટેરાંઓએ વિવિધ રમતોનો આનંદ માણ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનરમાં ફરી એકવાર રવિવારની સવારે ઘ-૪ સર્કલ નજીક સ્વર્ણિમ પાર્કની સ્ટ્રીટ પર 'હેપ્પીનેસ' વરસી હતી. ઝુમ્બા ડાન્સ, થીમ શૉ, રોડ પેઈન્ટિંગ્સ, સેલ્ફી ઝોન અને એરોબિક્સ સાથે વિવિધ મનોરંજક રમતોમાં શહેરનું યુવા ધન ઝુમી ઉઠયું હતું. આ સાથે યોજાયેલી બાઈક રેલી એ અઢળક રોમાંચ પુરો પાડવા સાથે 'બેટી બચાવો-બેટી પઢાવો'નો સુંદર સંદેશ પણ આપ્યો હતો. યુવાનો સાથે નાના બાળકો અને મોટેરાંઓએ પણ હેપ્પી સ્ટ્રીટમાં મન મુકીને આનંદ કર્યો હતો.

મારું ગાંધીનગર અને મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે યોજાયેલી 'હેપ્પી સ્ટ્રીટ'માં વહેલી સવારથી જ યુવા વર્ગ ઉમટી પડયો હતો. સ્વર્ણિમ પાર્કની બાજુમાં ઉભા કરાયેલા સ્ટેન્ડ પરથી ડીજે સાઉન્ડના તાલે આ યુવાનોએ એરોબિક્સ અને ઝમ્બા ડાન્સ પર મન મુકીને નાચવા સાથે કસરતનો લાભ મેળવ્યો હતો. રોડ પેઈન્ટિંગ્સ દ્વારા સમગ્ર રોડને એકમેકથી ચઢિયાતા રંગબેરંગી ચિત્રો વડે સજાવી દીધો હતો. આ ચિત્રોમાં બેટી બચાવોથી માંડીને પાણી બચાવો જેવા સામાજિક સંદેશ સાથે ફ્રેન્ડશીપ અને પ્રેમના સંદેશાઓ ચિતરી યુવા વર્ગે પોતાની લાગણીઓને વાચા આપી હતી. આ માર્ગ પર બાળકો સહિત મોટેરાઓ પણ રમતો રમવાથી પોતાની જાતને રોકી શકયા નહોતા. સાપસીડી સાથે ચોક વડે 'પગથિયા' ચિતરી રમતા રમતા બાળપણને યાદ કર્યું હતું.

હેપ્પી સ્ટ્રીટમાં ઉભા કરાયેલા સેલ્ફિ ઝોનમાં ભારે પડાપડી જોવા મળી હતી. અહીં આયોજકોએ મસ્તીભર્યા ચટપટા સ્લોગન્સ, ફન્કી કેપ્સ અને ચશ્મા, ડેકોરેટેડ છત્રીઓ જેવા યુવાનોને આકર્ષે તેવા અવનવા 'પ્રોપ્સ' ની વ્યવસ્થા કરી હતી પછી તો પુછવું જ શું? અહીં આવનારા દરેકના સ્માર્ટ ફોનની થોડીવારમાં જ અસંખ્ય તસવીરોના કારણે 'મેમરી ફુલ' થઈ જવા પામી હતી આ સાથે બેટી બચાવો-બેટી પઢાવોના સંદેશને ટેકો આપવા મુકવામાં આવેલા સાઈન બોર્ડ પર અંતમાં એક ઈંચ જગ્યા ખાલી રહેવા નહોતી પામી. રંગબેરંગી ચિત્રોથી ઢંકાઈ ગયેલા રોડ પર અંતમાં જયારે બાઈકસ રેલી નીકળી ત્યારે તેની આગેવાની ત્રણ ગર્લ્સ બાઈકર્સે કરતા ઉપસ્થિત તમામે હર્ષની ચિચિયારીઓથી તેમને વધાવી લીધી હતી. હેપ્પી સ્ટ્રીટમાં યુવાનોએ ગરબાનો પણ આનંદ માણ્યો હતો.



## બ્રહ્માકુમારીઝ આયોજિત અખિલ ભારતીય પ્રદર્શની બસ અભિયાનનું ગાંધીનગરમાં ભવ્ય સ્વાગત






ગાંધીનગર, તા.૧૦

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય અને તેની ભગિની સંસ્થા રાજયોગા એજયુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના યુવા પ્રભાગ દ્વારા ભારતના લોકલાડિલા માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સંકલ્પ "મેરા ભારત સ્વર્ણિમ ભારત" થીમપર ૨૦૧૭થી ૨૦૨૦ સુધી ત્રણ વર્ષ માટે આયોજિત "અખિલ ભારતીય પ્રદર્શની બસ અભિયાન" ૧૩ ઓગસ્ટે રાજ્યના નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ દ્વારા પ્રસ્થાન પામી હતી. આ અભિયાન તેના નિયત રૂટ પ્રમાણે રખિયાલ-દહેગામથી ૧૦ સપ્ટેમ્બર રવિવારે ગાંધીનગરમાં પધારતાં સી.આર.પી.એફ. કેમ્પ ખાતે ડી.આઈ.જી. ભ્રાતા રાજેશ ઢક્કલવાલ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ અને તેમણે અભિયાન યાત્રિઓ સાથે બેઠક ગોઠવી પ્રોત્સાહન ભરી પોતાની શુભેચ્છા વ્યક્ત કર હતી. જ્યારે બ્રહ્માકુમારીઝ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ તથા રાજયોગિની કૈલાશદીદીજી એ પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું.

સવારના ભાગમાં સેક્ટર-૨૩ સ્થિત કડી કેમ્પસમાં ઉમિયા કન્યા છાત્રાલય ખાતે બે જગ્યાએ ભગિની કૌશલ્યાબેનની ઉપસ્થિતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં ૬૦૦ જેટલી કન્યાઓએ રવિવાર રજાનો દિવસ હોવા છતાં ખૂબ શાંતિ અને રસપૂર્વક કાયક્રમ નિહાળ્યો હતો. જેમાં તેમને સ્વચ્છતા, પોઝીટીવીટી અને મેડિટેશન અભ્યાસ દ્વારા જીવનમાં આધ્યાત્મિક ગુણોના વિકાસ પર દ્રષ્ટાંત સહ ગમ્મત સાથે સમજાવામાં આવેલ. આ પ્રસંગે ખાસ પ્રતિજ્ઞા પણ લેવડાવામાં આવી હતી અને રાષ્ટ્ર ગાન સાથે કાર્યક્રમ સમાપ્ત કરી સૌ છાત્રાઓને બસમાં અંકિત પ્રદર્શની સમજાવામાં આવી હતી અને બ્રહ્માકુમારીઝના સ્થાનિક સેવા કેન્દ્ર પર મેડિટેશન શિખવા પધારવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

# શહેરમાં લાઈવ કુકીંગ શો યોજાયો

ગાંધીનગર, તા.૧૦

કે.ડબલ્યુ.કે અને પૂજન ડાન્સ એકેડમી દ્વારા કુકીંગ કોમ્પીટીશન અને લાઈવ કુકીંગ શો તાજેતરમાં સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. કુકીંગ કોમ્પીટીશનમાં ૫૦ થી વધારે બહેનો અવનવી વાનગીઓ ઘરેથી બનાવીને લાવી હતી.જયારે કુકીંગ શો માં ૨૦૦ થી વધારે બહેનોએ ભાગ લીધો હતો. જયારે લાઈવ કુકીંગ શો માં શેફ શિવમ અને કનીનીકા મહેતાએ ડેઝર્ટસ અને લખનવી કયુસાઈનસ બનાવીને ઉપસ્થિત સૌ કોઈ બહેનોને મંત્રમુગ્ધ કરી દીધી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બહેનોને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે તાજેતરમાં શહેરની બહેનો માટે લાઈવ કુકીંગ શો તેમજ કુકીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શેફ શિવમ અને કનીનીકા સહિત ઉપસ્થિત મહેમાનોએ દિપપ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. શહેરની ૨૦૦ થી વધારે મહિલાઓએ કુકીંગ શો માં ભાગ લઈને વિવિધ વેરાઈટી બનાવી હતી. જયારે ૫૦ થી વધુ







મહિલાઓ ઘરેથી વિવિધતાસભર વાનગીઓ બનાવી લાવી હતી. શો ઉપરાંત મહિલાઓ માટે પૂજન ડાન્સ એકેડમીના સંચાલક પ્રજ્ઞાબેન ગજજર દ્વારા તૈયાર કરાયેલ ડાન્સ રજુ કરાયા હતા. એકઝીબીશન સ્ટોલ્સ, સંગીત તેમજ હાઉસીની રમત પણ મહિલાઓને રમાડવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ રસોઈની સાથોસાથ મનોરંજન પણ માણ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર વિજેતા બહેનોને ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા. જયારે સ્પર્ધામાં જોડાયેલ તમામ બહેનોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના નિર્ણાયક તરીકે પરમજીત છાબડા અને બેલાબેન હાજર રહ્યા હતા. રાધે સ્વીટ્સ -વૃંદાવન સ્વીટ્સ તરફથી બહેનોને ફુડ પેકેટ આપવામાં આવ્યા હતા. જયારે આર.કે.વેર્કેશન તેમજ વસંત મસાલા તરફથી ઈનામો એનાયત કરાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે કનીનીકા,પ્રજ્ઞાબેન ગજજર અને સ્વાતી બારોટે ભારે જહેમત ઉઠાવી હતી.

## સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા પ્રવાસનું આયોજન

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા આગામી તા.૧૯ના રોજ ચાંપાનેર, હાથણીમાતા વોટર ફોલ્સ, તારાપુર પાસે જૈન મણીલક્ષ્મી તીર્થ સહિતના પવિત્ર માર્ગમાં આવતા યાત્રાધામના દર્શનના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.તો જે નાગરીકોએ તેમજ સભ્યોએ પ્રવાસમાં આવવું હોય તેઓએ સંસ્થાના કોષાધ્યક્ષ હરજીવનભાઈ પાસે રૂ.૧૦૦૦ જમા કરાવી નામ નોંધાવવા જણાવાયું છે.

## સાબરમતી નદીના સંત સરોવર પાસેથી બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર પાસેથી પસાર થતી સાબરમતી નદીનાં સંત સરોવરમાંથી આજે એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આશરે ૨૬ થી ૨૭ વર્ષિય આ યુવાનનો મૃતદેહ બહાર કાઢી ઈન્ફોસિટી પોલીસે તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે પરંતુ હજુ સુધી તેની ઓળખ થઈ શકી નથી. યુવાનનો મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોલીસ મથકનાં એ.એસ.આઈ લક્ષ્મણભાઈએ યુવાનની ઓળખ માટે તથા મૃત્યુનુ કારણ બહાર લાવવા માટે તજવીજ શરુ કરી છે. આ યુવાનનો મૃતદેહ નદીમાં તણાઈને આવ્યો હોવાથી આસપાસનાં ગ્રામ્ય વિસ્તારમાં ગુમ થયેલા યુવાનો અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

## સિનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા શહેરની વિશિષ્ટ વ્યકિતઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરની સેવાભાવી સંસ્થા સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા શહેરમાં વિશિષ્ટ સિદ્ધી હાંસલ કરનાર નાગરીકોને વિવિધ કેટેગરીમાં શૌર્ય ચંદ્રક અને સન્માન પત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવશે. જેમાં રમત-ગમત, શિક્ષણ, સમર્પણ, સાહસ, શૌર્ય અને પ્રામાણિકતાનો સમાવેશ થાય છે. શહેરના વિશિષ્ટ વ્યકિતઓને આગામી તા.૩૧ ઓક્ટોબરના રોજ કરવામાં આવશે. ત્યારે સિધ્ધી હાંસલ કરનાર નાગરીકોએ આ અંગેના આધાર સહિતની માહિતી કાર્યાલય નમન એપાર્ટમેન્ટ સે-૨૧ મુકામે તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં મોકલી આપવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ભગવતસિંહ કિશનસિંઘ સાંન્ધુ, ઉ.વ. ૮૧
- સ્વ. પલીબેન બદાજી જાદવ, ઉ.વ. ૪૯
- સ્વ. બિહોલા બળદેવજી લાલાજી, ઉ.વ. ૭૦
- સ્વ. ભીખીબેન સોમાજી સોલંકી, ઉ.વ. ૩૨

## આઈ લવ માય ગાંધીનગર



**નીલમ પ્રજાપતિ**
**બ્યુટીશિયન, એક્ટર**

**ગાંધીનગર ગમે**
કુદરતી સુંદરતા અને માનવસર્જિત સગવડતાઓને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
સ્નેહાળ, સહકારી અને સેવાભાવી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
કલા માટેની પદ્ધતિસરની તાલીમ આપી શકે એવી સંસ્થાઓની જરૂરિયાત મહેસૂસ કરી રહી છું.

**નગર માટે હું કરી શકું**
કલા સંવર્ધનના સઘળા ઉપક્રમો માટે મારી સહાય નગરને આપવા માટે હું તૈયાર ને તત્પર છું.

# બાળકોને સ્માર્ટફોનનો વિવેકપૂર્ણ ઉપયોગ શીખવવો જરુરી

## કાચી ઉંમરના બાળકો માટે સ્માર્ટફોનનો સમજણ વગરનો ઉપયોગ અત્યંત જોખમી : પોતાની સહુલિયત માટે ફોન પકડાવી દેતા પહેલા તેને મહત્વ અને જોખમો બંનેથી વાકેફ થવું જરૂરી



**લાગ્યું એવું લખ્યું**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૧૦

થોડા દિવસ પહેલા વ્હોટસએપ પર જ એક જોક વાંચ્યો હતો કે 'આ વ્હોટસએપ પણ બાળકોના 'ડાયપર' જેવું છે, થોડી થોડી વારે ચેક કરતા રહેવું પડે છે કે કંઈ આવ્યું તો નથી ને?' સ્માર્ટ ફોન આવ્યા અને સાથે સાથે ઈન્ટરનેટની દુનિયા લેતા આવ્યા છે, આમ તો ઈન્ટરનેટ કંઈ નવું નથી પરંતુ પહેલા આટલું હાથવગું નહોતુ એટલો ફેર છે. ડિઝીટલાઈઝેશન તરફ આગળ વધી રહેલા 'ન્યુ ઈન્ડિયા' સ્માર્ટ ફોન હવે લકઝરી નહી પરંતુ જરૂરિયાત બન્યો છે પરંતુ આ સાથે જ વાહન ચલાવવાની વયમર્યાદાની જેમ સ્માર્ટ ફોન વપરાશની પણ વય મર્યાદા નક્કી કરવી જોઈએ તેવો સુર પણ ઉઠવા લાગ્યો છે. વાહનોની જેમ જ સ્માર્ટ ફોન પણ ઉપયોગી હોવા છતાં કાચી વયના બાળકો માટે જોખમરૂપ પણ સાબિત થઈ રહ્યો છે.

થોડાક સમય પહેલા 'પોકેમોન ગો' નામની મોબાઈલ ગેમ બાળકો માટે જોખમી બની હતી અને હવે 'બ્લ્યુ વ્હેલ' નામની રમતે મા-બાપને ફરી ચિંતાગ્રસ્ત કર્યા છે, જો કે અહીં સમસ્યા ગેમની નથી પરંતુ મોબાઈલ ફોન વાપરવાની અણસમજની છે. જે મશીનો માણસે તેની ઉપયોગિતા માટે બનાવ્યા તે જ મશીનોનો માણસ ગુલામ બની જાયત્યારે દોષ મશીનનો કે માણસનો? ટીવીમાં આવતી સિરિયલ્સ કે ન્યુઝમાં દર્શાવાતી અણગમતી બાબતો બાબતે બળાપા કાઢનાર તેના હાથમાં રહેલા રિમોટની સ્વીચ દબાવી શકતા નથી. ડિઝીટલાઈઝેશનના યુગમાં દુનિયા ખુબ ઝડપથી 'એકસપોઝ' થઈ રહી છે ત્યારે હવે જરૂરિયાત એ છે કે સમગ્ર 'એકસ્પોઝર'માં આપણી નજર કયાં ટિકાવવી તેની સમજ કેળવવાની. છેલ્લા કેટલાક સમયથી બાળકોને સ્માર્ટ ફોન આપવા કે નહી તે બાબતે ઘણા વાલીઓ અવઢવમાં મુકાયેલા જોવા મળે છે. સ્માર્ટફોનના ફાયદાને બદલે દૂષણોથી ચિંતિત બનેલા વાલીઓ કયારેક બાળક સાથે જોરજબરદસ્તી કરી બેસે છે જે સરવાળે સંતાન અને મા-બાપના સંબંધોમાં જોખમી 'ગેપ' ઉભી કરે છે. કયારેક સમાચારપત્રોમાં કોઈ બાળકે મોબાઈલ પર ઈન્ટરનેટ થકી કોઈ સિધ્ધિ હાંસલ કરી હોય કે ગુગલ જેવી કંપનીમાં માતબર પેકેજની ઓફર મેળવી હોય તેવા સમાચારો પ્રગટ થાય છે તો કયારેક મોબાઈલ ગેમે બાળકનો ભોગ લીધો કે કુમળી વયના સંતાનની અશ્લિલ વિડીયો કિલપ વાઈરલ થયાના જોખમો પણ સામે આવે છે ત્યારે વાલીઓ માટે 'ઈધર ખાઈ તો ઉધર કુઆં, કહાં જાઉ' જેવી સ્થિતિ સર્જાય છે.

સ્માર્ટ ફોનથી ચાર વર્ષના બાળકે લીધેલી સેલ્ફીને હોંશે હોંશે 'અપલોડ' કરતા કે હું તો ઘરે જઉં પછી મારો ફોન તો દિકરા પાસે જ હોય છે, મને તો અડવા પણ દેતો નથી જેવી શેખી પોતાના મિત્ર



વર્તુળમાં સંતાનના સાંભળતા જ મારતા વાલીઓ હકીકતમાં બાળકને 'બગડવાનું' ખાતર પુરું પાડતા હોય છે. એકવાર બાળકને સમાજમાં 'મોટાઈ' દેખાડવાના દંભ હેઠળ કે આ હરખપદુડાઓને કયારે તેમનો સ્માર્ટ ફોન તેમના બાળકને તેમનાથી જ દુર કરી દે છે એ ખબર પડતી નથી અને બાળકને લત લગાડી દીધા પછી જયારે કોઈ 'તકલીફ' ઉભી થાય એટલે જોર જુલ્મ કરી સદંતર પ્રતિબંધ જેવા પગલાં બળતામાં વધુ ઘી હોમે છે. બાર વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકોમાં સ્માર્ટ ફોન રમવાની વધુ પડતી આદતના કારણે બાળકમાં ચિડિયાપણું, આંખોની દૃષ્ટિ નબળી પડવી, માથાનો દુ:ખાવો થવો, ગરદનનો દુ:ખાવો, મહેમાન કે નજીકના સગા સંબંધી સાથે અણગમતું વર્તન કરવું, વાતચીત કરવાનું ઘટી જવું જેવી સમસ્યાઓ ઉદભવતી જોવા મળે છે. આ સાથે મેદાન પરની રમતોમાં રસ ઘટવાની સાથે ઘરમાં પુરાઈ રહેવું, એકાકી રહેવું અને મેદસ્વિતા વધવા જેવી તકલીફો પણ વધવા પામે છે. જો બાળક સગીર વયનું હોય ત્યારે ઈન્ટરનેટ પર આસાનીથી ઉપલબ્ધ પોર્ન અને અશ્લિલ સાહિત્ય અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. જો કે અત્યારે સૌથી મોટું જોખમ સોશ્યલ મિડિયાનું છે. જેમાં બાળકાને ફોટો અપલોડ કરવાની ઉતાવળ, લાઈકસ મેળવવાની વધુ પડતી ઝંખના, કોમેન્ટસનો રિપ્લાય આપવાની ચિંતા વગેરે તેની કલાસરૂમ એકિટવીટી કે અભ્યાસથી દૂર લઈ જાય છે. વળી, સોશયલ મિડીયાના વપરાશનો વિવેક શીખવેલો ના હોય તો 'અપલોડ' કરેલી તસવીર કે અજાણ્યો ફ્રેન્ડ કયારે બુમરેંગ થઈ મુશ્કેલી સર્જવા માથે આવે છે તે નક્કી નથી હોતું. મોબાઈલ ગેમ રમતા બાળકો પોતાને 'સુપર હીરો' સમજી વર્ચ્યુઅલ દુનિયામાં રાચવા લાગે છે જેમો વાસ્તવિકતા સાથે ભેટો થતા ભોંય ભેગા થતા વાર નથી લાગતી. વળી આ બધી બાબતોમાં વાલીઓ અને શિક્ષકો એકબીજા પર દોષારોપણ કરતા જોવા મળે છે પરંતુ બાળકના સારા ઉછેરની જવાબદારી બંનેની છે તે સિફતપૂર્વક ભુલાઈ જાય છે.

સાવ એવું પણ નથી કે બાળકો માટે સ્માર્ટ ફોન જોખમી જ છે, અત્યારના યુગમાં બાળકોની સુરક્ષા એ સૌથી મોટો પ્રશ્ન છે ત્યારે આ ફોન વરદાન સાબિત થઈ શકે છે. બાળક તેના મિત્રો, સગા સંબંધીઓ સાથે સંપર્કમાં રહી સંબંધોનું મૂલ્ય સમજી શકે છે, કયાંક ભૂલા પડયા હોય તો 'મેપ્સ' થકી રસ્તો મેળવી શકે છે, ખાસ તો અભ્યાસ માટે સ્માર્ટ ફોનના ઉપયોગ થકી નવીન લેટેસ્ટ જાણકારી, પ્રયોગો માટેનો વિડિયો, પ્રોજેકટસના નવતર આઈડિયાઝ, પ્રશ્નપત્રો-ઉકેલો વગેરે મેળવી શકે છે હવે તો શાળાઓ અને કલાસીસ પણ 'એપ્સ' વાપરવા લાગ્યા છે તેથી તેના અપડેટસ પણ તેના થકી મેળવવાના રહે છે. મોબાઈલ ફોન થકી પોતાને થઈ રહેલા અન્યાય પ્રત્યે જાગૃત થઈ સંગઠિત થઈ શકાય છે જેનું લેટેસ્ટ ઉદાહરણ ગુજરાતમાં 'નીટ'ની પરીક્ષામાં ગુજરાતી માધ્યમના બાળકોને થયેલા અન્યાય સામેની લડત છે, જેના તમામ વાલીઓ માત્ર સોશ્યલ મિડિયા થકી એકત્ર થયા છે અને તેના થકી જ લડતને મજબૂત બનાવી રહ્યા છે. પરંતુ આ સાથે જ બાળકને મોબાઈલ ફોનના વપરાશનો યોગ્ય વિવેક શીખવવો જરૂરી છે, અને જયારે તેમ કરવા દો તો અમુક ઉંમર સુધી તેનો ફોન ચેક કરવાનો અધિકાર પણ રાખવો જોઈએ. 'સ્માર્ટ પેઢી' ફોન વાપરવામાં પણ ખૂબ સ્માર્ટ હોવાથી ચેક કરતા પહેલા જાતને અપડેટ રાખવી પણ જરુરી જ છે. જો કે આ બધી બાબતો બાળકને પ્રેમથી સમજણ આપીને કરી હોય તો ખાસ વાંધ આવતો નથી. સાવ કૂમળી વયના બાળકને રેડિએશનની અસર કે સસ્તા મોબાઈલના પ્લાસ્ટિકના વપરાશના જોખમો કે બેટરી ફાટવા જેવી દુર્ઘટનાઓથી બચાવવા પણ એટલા જ જરુરી છે. જો કે સૌથી અસરકારક ઉપાય એ જ છે કે આપણે જાતે પણ પરિવાર માટેના સમયે 'સ્માર્ટ ફોન' છોડવાની 'સ્માર્ટનેસ' કેળવવીએ જેથી આપણા અને આપણા બાળક વચ્ચે વધતી 'કોમ્યુનિકેશન ગેપ' એક મોટી દર્દનાક ખાઈ બનતા અટકે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com